# ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ ની ગાયત્રી ચેતના કેન્દ્ર, મોડાસા ખાતે ઉજવણી કરાઈ

બાયડ તા.૯

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૮ માર્ચની મહિલાઓના મહત્વને ઉજાગર કરવા ઠેર ઠેર ઉજવણી કરવામાં આવે છે. મોડાસાના ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા પણ આ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. બપોરે ૧૨ થી ૩ દરમિયાન મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મહિલા જાગૃતિ અભિયાનના તાલુકા સંયોજક મંજુલાબેન ચૌહાણ તથા કન્યા-કિશોર કૌશલ્યના તાલુકા સંયોજક કિરણબેન ભાવસારે દિપ પ્રજ્વલિત કરી મહિલા સંમેલનનો શુભારંભ કર્યો હતો. ત્યારબાદ જશોદાબેન પટેલ, કપિલાબેન પટેલ અને રેખાબેન સુથાર દ્વારા દેવ પૂજન કરવામાં આવ્યું. ઉપસ્થિત મહિલાઓ પર પુષ્પ વર્ષા કરી સમગ્ર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ ગાયત્રી પરિવારમાં મહિલાઓ દ્વારા ચાલતા નારી જાગરણ



અભિયાન, આઓ ઘડિએ સંસ્કારવાન પેઢી-ગર્ભોત્સવ સંસ્કાર, બાળ સંસ્કાર કેન્દ્રો, કન્યા-કિશોર કૌશલ્ય આંદોલન વધુ વેગવાન બનાવવા આ વિષયો પર ચિંતન મંથન કરવામાં આવ્યું. જેમાં અગ્રણી એવા મંજુલાબેન ચૌહાણ, અમિતાબેન પ્રજાપતિ, વિલાસિનીબેન પટેલ, કિરણબેન ભાવસાર, રોહિણીબેન શર્મા, હિમાનીબેન કંસારાએ પોતાના મંતવ્ય રજુ કર્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વૈશાલીબેન ત્રિવેદીએ કર્યું હતું. આ મહિલા સંમેલનમાં મોડાસા સહિત સંપર્કના અલગ અલગ ગામોમાંથી લઈ ૧૭૦ થી વધુ કાર્યકર બહેનો ઉપસ્થિત રહી હતી. સૌએ આ વર્ષ દરમિયાન ગામે ગામ ગોષ્ઠીઓ કરી મહિલાઓ પર થતા શોષણ, કુરિવાજો નાબુદ કરવા અને મનોબળ સક્ષમ બનાવવા ઝુંબેશ ચલાવવાનો સંકલ્પ લીધો હતો.

આ આયોજનમાં વિશેષ આઓ ઘડિએ સંસ્કારવાન પેઢી-ગર્ભોત્સવ સંસ્કારના અરવલ્લી જિલ્લા સંયોજક અમિતાબેન પ્રજાપતિ, કન્યા-કિશોર કૌશલ્ય આંદોલનના અરવલ્લી જિલ્લા સંયોજક વિલાસિનીબેન પટેલ, ગાયત્રી પરિવારના મોડાસા તાલુકા સંયોજક સોમાભાઈ બારોટ ઉપસ્થિત રહી મહિલા જાગરણ અભિયાન વધુ વેગવાન બનાવવા શુભકામનાઓ પાઠવી હતી. ઉપરાંત ધર્માભાઈ પટેલ, કાન્તિભાઈ ચૌહાણ, અરવિંદભાઈ કંસારા, અમૃતભાઈ પટેલ આ સંમેલન સફળ બનાવવા સહયોગી રહ્યાં હતાં.


# ભિલોડાની ટોરડા હાઈસ્કૂલનું ગૌરવ વિદ્યાર્થીનીએ વધાર્યું



ભિલોડા,તા.૦૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી ગોપાળાનંદ સ્વામીની જન્મ ભૂમિ ટોરડા ધામમાં શિક્ષણની સાથે સર્વાંગી વિકાસ કરતી શ્રી નવજીવન વિદ્યાલય, ટોરડા ગામમાં ધોરણ - ૯ માં અભ્યાસ કરતી દીકરી મેશ્વા નીરજભાઈ પટેલ, બી.આર.સી ભવન, મોડાસા ખાતે જિલ્લા કક્ષાની પુસ્તક સમીક્ષા સ્પર્ધામાં પુસ્તક સમીક્ષા એટલે શું ? પુસ્તક સમીક્ષા શા માટે ? પુસ્તક ના પ્રકારો, પુસ્તકની પસંદગી, પુસ્તક સમીક્ષાના પ્રકારો, સાંપ્રત સમય સાથે અનુબંધ, પુસ્તકની વિશેષતા તેમજ શિર્ષક જેવા મુદ્દાઓ પર જોરદાર છણાવટ કરી અરવલ્લી જિલ્લામાં પ્રથમ નંબર મેળવી પરિવાર, હાઈસ્કૂલ અને ટોરડા ગામનું ગૌરવ વધારેલ છે.શ્રી નવજીવન હાઈસ્કૂલ પરિવાર, આચાર્ય પિનાકીન એન.પટેલ, ટ્રસ્ટીઓએ વિદ્યાર્થીનીને બિરદાવી હતી.ગુજરાત રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વિદ્યાર્થીની ઉત્તીર્ણ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.


## જન્મદિને વધામણી




જેક કુંદન ભારતી ગોસ્વામી
સર્સોલી તા. બાયડ



પ્રણવ પટેલ
બાયડ જીલ્લો અરવલ્લી



ડો. જીજ્ઞાબેન
ડો.કૌશલભાઈ પટેલ
તાલુકા હેલ્થ
અધિકારી,મોડાસા
મોડાસા જી.અરવલ્લી



હર્ષ વિજયભાઈ શાહ
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ-૨
બાયડ જીલ્લો અરવલ્લી



ડો. હેત્વી ડો. વશિષ્ઠ
પટેલ
સંજીવની હોસ્પિટલ
બાયડ જીલ્લો અરવલ્લી

# પ્રાંતિજ ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વિશ્વ મહિલા દિનની ઉજવણી કરાઈ

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના




પ્રાંતિજ ખાતે સર્જન ફાઉન્ડેશન સંચાલિત જીવન કૌશલ્ય તાલીમ કેન્દ્ર ખાતે વિશ્વ મહિલા દિન ની ઉજવણી કરવામા આવી હતી

પ્રાંતિજ ખાતે આવેલ સર્જન ફાઉન્ડેશન જીવન કૌશલ્ય તાલીમ કેન્દ્ર ખાતે વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં મેનેજીંગ ટ્રસ્ટી ભાલચંદ્ર આર.શાહ, ટ્રસ્ટી રવિ ગોપાલન, ટ્રસ્ટી શરદભાઈ પરીખ, આદર્શ શિક્ષિકા ભાવનાબેન મોદી ઉપસ્થિત રહ્યા હતા તો ભાવનાબેન મોદી દ્વારા મહિલા ઓને



સશક્તિકરણ વિશેષમાહિત ગાર કરવામા આવ્યા હતા તો આ પ્રસંગે તાલિમ માથી બહેનો ને ઉપસ્થિત મહાનુભાવોના ના હસ્તે પ્રમાણ પત્રો આપવામા આવ્યા હતા તો આ સંસ્થામા છેલ્લા દશ વર્ષ મા સેન્ટર ખાતે વિવિધ તાલીમ માંથી કુલ-૧૭૭૮ બહેનોએ શિવણ, બ્યુટી પાર્લર સહિત ની તાલીમ લીધીહતી જેમા ૧૦૮૨ બહેનો હાલ રોજગારી મેળવેલ અને પોતાના પગભર બનેલ છે સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન સંસ્થા ના પ્રોજેક્ટ ઓફિસર અશોકભાઈ પરમાર, બ્યુટી પાર્લરના ઈન્સ્ટ્રુકટર નેહાબેન ભટ્ટ તેમજ શિવણ તાલીમ વર્ગ ના ઈન્સ્ટ્રકટર બહેન સબાનાબેન ધોરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ધાનેરાની રેફરલ હોસ્પિટલને ફાયર એન.ઓ.સી. મામલે નગરપાલિકાએ નોટીસ ફટકારતાં ખળભળાટ

ધાનેરા તા. ૯

ધાનેરા માં આવેલ રેફરલ હોસ્પિટલને ફાયર એન.ઓ.સી. ન હોવાથી નગરપાલિકા દ્વારા અનેકવાર ફાયર એન.ઓ.સી. મેળવવા




અનેકવાર સુચના અપાઇ હતી. પરંતુ રેફરલ હોસ્પિટલ દ્વારા ફાયર એન.ઓ.સી.ન મેળવતાં મંગળવારે નગરપાલિકા દ્વારા ધાનેરા રેફરલ હોસ્પિટલને ફાયર એન.ઓ.સી.મેળવવા માટે નોટીસ ફટકારી હતી. રેફરલ હોસ્પિટલને એન.ઓ.સી.મેળવવા તાકીદ કરાઈ હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, જ્યારે ધાનેરા રેફરલ હસ્પિટલ દ્વારા તા. ૧૦/૦૩/૨૦૨૨ સુધી નિયમ મર્યાદામાં એન.ઓ.સી.ન મેળવે તો કલમ-૨૬ (૩) મુજબ હોસ્પિટલ સીલ કરવાની નગરપાલિકા દ્વારા ચિમકી આપી છે જ્યારે ધાનેરા રેફરલ હોસ્પિટલમાં દરરોજની ૫૦૦ કરતાં વધુ ઓ.પી.ડી. ધરાવતી હોસ્પિટલ સીલ થશે તો દર્દીઓને હેરાન-પરેશાન થવાની નોબત પડશે પરંતુ નગરપાલિકા દ્વારા રેફરલ હોસ્પિટલ સીલ કરવાની નોટીસ મળતાં અનેક તર્ક-વિતર્કો સર્જાયા છે.

## તખતગઢ સી.એચ.સી ના કવિ હૃદય ઓફિસરે જિલ્લાને ગૌરવ અપાવ્યું

### ગઝલ ક્ષેત્રે કવિયત્રીનું નામ ગુંજતું થયું

સરડોઈ,તા.૯

સાબરકાંઠાના તખતગઢ સામૂહિક આરોગ્ય કેન્દ્રના નર્સિંગ ઓફિસર અને હિંમતનગરના જાણીતા કવિયત્રી વાસવદત્તા નીતિન નાયકે સમગ્ર જિલ્લાને ગૌરવ અપાવ્યું છે.શ્રેષ્ઠ ગઝલકારો માં સ્થાન



મેળવનાર કવિયત્રી ની કલમ વૈશ્વિક કક્ષાએ ઝળકી છે. પ્રાપ્ત જાણકારી મુજબ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ન્યૂ જર્સી (અમેરીકા)થી પ્રકાશિત થતા આંતરરાષ્ટ્રીય મેગેઝીન દેશ પરદેશ મેગેઝીન’ ના બ્રાંડ એમ્બેસેડર ઈવાબેન પટેલ દ્વારા ૨૬, જાન્યુઆરી-૨૦૨૨ ના રોજ દેશભક્તિ અને શૌર્યગીત કાવ્ય લેખન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગુજરાત, ભારત અને વિશ્વભરના ગુજરાતી સર્જકોએ પોતાના કાવ્ય મોકલાવ્યા હતા.જેમાં હિંમતનગરના વાસવદત્તા નિતીનકુમાર નાયક ‘દીવાની’ એ પણ પોતાનું કાવ્ય મોકલાવ્યું હતું. એમાં શ્રેષ્ઠ ૧૦૦ રચનાઓમાં એમની કવિતાને સ્થાન મળ્યું અને જે ટૂંક સમયમાં ‘કાવ્ય અમૃત’ પુસ્તકરૂપે પ્રકાશિત થવા જઈ રહ્યું છે. આ સ્પર્ધા અને બુકને વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા માં ?સ્થાન પ્રાપ્ત થયું છે. વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા હોલ્ડર વિથ ગોલ્ડ મેડલ થી સન્માનિત થતાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી સહિત કવિ મિત્રોએ શુભેચ્છાઓ પાઠવી છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં હોળી-ધૂળેટીના પર્વની અસર દેખાઈ

### બજારોમાં ખજૂર, ધાણી, હાયડાના ઢગ ખડકાયા : ધુળેટીના દિવસે ગામડાંઓમાં ચૂસ્ત પોલિસ બંદોબસ્ત ગોઠવાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં હોળાસ્ટક બેસતાં જ હોળી-ધૂળેટીના પર્વની અસર દેખાઈ રહી છે. જિલ્લાભરમાં ભારતીય સંસ્કૃતિના આ સૌથી મોટા તહેવારોનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને સૌ કોઈ ઉત્સવને ઉજવવા થનગની રહ્યા છે. ત્યારે ધુળેટી નિમિત્તે ગ્રામ્ય વિસ્તારોમાં દંગલ ન મચે તે માટે ચુસ્ત પોલિસ બંદોબસ્ત ગોઠવવાનો નિર્ણય લેવાયો છે. જ્યારે વિવિધ પ્રકારની પીચકારીઓ અને રંગોના બજારોમાં ઢગ ખડકાયા હતા અને હોળી નિમિત્તે ગોઠ માગનારાઓ પણ ફાગણ આયો..ફાગણ આયોના ગીતો ગાઈ હોળી-ધૂળેટીના પર્વને વધાવતા જોવા મળ્યા હતા.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની સરહદને અડીને જ રંગીલા રાજસ્થાનની સરહદ શરૂ થાય છે જ્યારે જિલ્લાના સરહદ નજીકના ગામોનો ઘનિષ્ઠ નાતો જોડાયેલો હોવાથી જિલ્લામાં હોળી-ધૂળેટીનું પર્વમાં રાજસ્થાનની છટા અચૂક જોવા મળતી હોય છે. જિલ્લામાં રંગોનું પર્વ નજીક આવતા ધામધૂમથી ઉજવણી થવાની હોવાથી પ્રજામાં તેનો જબરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં રાત્રિના શુભ મૂહુર્તમાં હોલિકા દહનના કાર્યક્રમો પણ આયોજીત થશે. જિલ્લામાં હોળી નિમિત્તે તમામ વિસ્તારોમાં જેમ ના પ્રસંગો પણ શરૂ થયા હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં હોળીના પર્વની કંઈક અલગ જ અદા જોવા મળી રહી છે. જિલ્લામાં ખેતી અને બાંધકામ ક્ષેત્રે કામ કરતા કામદારો રાજસ્થાન તથા પંચમહાલના હોવાથી આ વિસ્તારોમાં જિલ્લા કરતાંય હોળી-ધૂળેટીના પર્વનું વિશેષ મહત્વ હોવાથી તમામ શ્રમજીવીઓ તહેવારો ઉજવવા માટે વતન રવાના થઈ જતાં ક્વોરી ઉદ્યોગ તથા સીરામીક ઉદ્યોગ સહિત બાંધકામ ક્ષેત્રે મીની વેકેશન જેવો માહોલ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં હોળી-ધૂળેટી પર્વના સપ્તાહ અગાઉ પીચકારી, ખજૂર, ધાણી તથા રંગના ઢગ બજારમાં ખડકાયા છે.

### આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે

## પાલનપુર ખાતે વિવિધ ચીજ વસ્તુઓના ૧૦૦ જેટલાં સ્ટોલ્સ ખુલ્લા મુકાયા



ડીસા, તા. ૯

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે પાલનપુર જી. ડી. મોદી કોલેજ કેમ્પસમાં શિક્ષણ રાજ્ય મંત્રી કિર્તીસિંહ વાઘેલાના હસ્તે વિવિધ ચીજ વસ્તુઓના ૧૦૦ જેટલાં સ્ટોલ્સને ખુલ્લા મુકવામાં આવ્યા હતા. જાગૃતિબેન મહેતા સંચાલિત વાત્સલ્ય સેવા ટ્રસ્ટ, પાલનપુર દ્વારા આયોજીત આ સ્ટોલ્સમાં મહિલાઓ દ્વારા બનાવાયેલ હાથ વણાટની વિવિધ ચીજ વસ્તુઓ વેચાણ માટે રાખવામાં આવી છે. જેમાં પાલનપુર શહેર ઉપરાંત બનાસકાંઠા જિલ્લાના વિવિધ ગામોના કારીગરો દ્વારા તૈયાર થયેલ વસ્તુઓ અને અમદાવાદથી આવેલ બહેનોએ પણ પોતાના સ્ટોલ્સ બનાવ્યા છે. આ સ્ટોલન્સની મંત્રીએ પ્રત્યક્ષ મુલાકાત લઈને જાણકારી મેળવી હતી. આ પ્રસંગે મંત્રી કિર્તીસિંહ વાઘેલાએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતુ કે, જાગૃતિબેન મહેતા અને એમના વાત્સલ્ય ટ્રસ્ટની ટીમ દ્વારા મહિલાઓને રોજગારીની તકો પુરી પાડવા માટે પાલનપુરમાં ૧૦૦ જેટલાં સ્ટોલ્સ બનાવવામાં આવ્યા છે. મહિલા સશક્તિકરણને વેગ મળે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આવનારો સમય મહિલા સશક્તિકરણનો બની રહે અને મહિલાઓ તમામ ક્ષેત્રોમાં પ્રગતિના સોપાનો સર કરે તેવી આજના દિવસે શુભેચ્છા પાઠવું છું. આ પ્રસંગે પાલનપુર નગરપાલિકા પ્રમુખ શ્રીમતી હેતલબેન રાવલ, વાત્સલ્ય ટ્રસ્ટના પ્રમુખ જાગૃતિબેન મહેતા, અગ્રણીઓ હિતેષભાઈ ચૌધરી, નીતિનભાઈ ઠાકોર, દશરથસિંહ સોલંકી, હર્ષાબેન મહેશ્વરી, નિરંજનભાઈ ઠક્કર ભાભર શહેર પ્રભારી ભાજપ ચિમનભાઈ સોલંકી, અનિકેતભાઈ ઠાકર, સાગરભાઈ ચૌધરી સહિત પદાધિકારીઓ, જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી સંજયભાઈ પરમાર અને આગેવાનો તથા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે નિબંધ સ્પર્ધા યોજાઈ



ધનસુરા, તા. ૯

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા માં આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે નિબંધ સ્પર્ધા યોજાઈ હતી.ધી. ડી.પી.સી.બી.એલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા માં આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિતે CWDC ( College women Development Cell) અંતર્ગત તા ૮-૩-૨૦૨૨ ને મંગળવાર ના રોજ નિબંધ સ્પર્ધા યોજાઈ હતી.જેમાં મહિલાઓ ને લગતા જુદા જુદા પાંચ વિષયો વિદ્યાર્થીઓને આપ્યા હતા.જેમાં કુલ પંદર વિદ્યાર્થીઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ સ્પર્ધામાં કૉલેજ ના આચાર્ય બેન ડૉ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટે વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત કર્યા હતા. CWDC નાં કન્વિંનર ડૉ.રમા શાહ તથા CWDC ના સભ્યોએ સમગ્ર સ્પર્ધાનું આયોજન કર્યું હતું.

# અરવલ્લી : જીલ્લા સેવાસદન સામે સ્પામાં ચાલતા દેહવેપારનો પર્દાફાશ

### મોડાસા શહેરમાં ૪ સ્પાની હાટડીઓમાં કુટખાણું ચાલતી હોવાની ચર્ચા

મોડાસા, તા.૯

મેગાસીટીમાં સ્પાનના નામે ચાલતા દેહવેપારનું દુષણ હવે સંસ્કારી નગરી ગણાતા અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં જોવા મળી રહ્યું છે મોડાસા શહેરમાં બિલાડીના ટોપની માફક સ્પાની હાટડીઓ ધમધમી રહી છે જેમાં કેટલીક જગ્યાએ સ્પાના નામે દેહવેપારનો ધંધો ધમધમી રહ્યો છે જેમાં થાઈલેન્ડ અને પરપ્રાંતીય યુવતીઓ પાસે મસાજના નામે દેહવેપાર કરાવી રહ્યા છે મોડાસા શહેરના શામળાજી રોડ પર જીલ્લા સેવાસદન કચેરી સામે એ-વન થાઈ સ્પા અને મસાજ પાર્લરની આડમાં ચાલતા કુટખાણાનો જીલ્લા એસઓજી પોલીસે ડમી ગ્રાહક મોકલી પર્દાફાશ કરતા અન્ય સ્પા ચાલકોએ પણ રૂપલલનાઓ ભૂગર્ભ ઉતારી દીધી હતી એસઓજી પોલીસે કરેલ રેડમાં એક ગ્રાહક યુવતી સાથે કઢંગી હાલતમાં ઝડપાઈ ગયો હતો

મોડાસા શહેરમાં આવેલા




જીલ્લા સેવાસદન સામેના મારૂતિ આર્કેડ નામના કોમ્પ્લેક્ષના ત્રીજા માળે આવેલ એ-વન થાઈ સ્પા અને મસાજ પાર્લર ચલાવતો રાજસ્થાનનો હેમેન્દ્રસિંહ પ્રતાપસિંહ ઠાકરડા નામનો શખ્સ બહારથી છોકરીઓ અને યુવતીઓ બોલાવી કુટખાણું ચલાવી ગ્રાહકોને ખુશ કરવામાં આવતા હોવાની બાતમી જીલ્લા એસઓજી પોલીસને મળતા એસઓજી પોલીસે ડમી ગ્રાહક મોકલી સ્પાની આડમાં ચાલતા કુટખાણું ઝડપી લીધું હતું પોલીસ ત્રાટકી ત્યારે રાજસ્થાન સીકર વિસ્તારનો મહેન્દ્ર શાનવરમલ સૈની યુવતી સાથે રંગરેલિયા મનાવતો રંગે હાથે ઝડપી લેતા ગ્રાહકના મોતિયા મરી ગયા હતા જીલ્લા એસઓજી પોલીસે સ્પાના સંચાલક અને ગ્રાહક સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી એસઓજી પોલીસ સ્પાની બીજી રૂમમાંથી અન્ય બે પ્રરપ્રાંતીય મહિલાઓ પણ મળી આવી હતી. એ-વન થાઈ સ્પાનો અને મસાજ પાર્લર ચલાવતો ડુંગરપુર રાજસ્થાનનો હેમેન્દ્રસિંહ ઠાકરડા નામનો માલિક પર પ્રાંતીય યુવતીઓ બોલાવી કુટખાણું ચલાવતો હતો જેમાં ગ્રાહક દીઠ ૬૦૦ રૂપિયા વસુલાવમાં આવતા હતા જેમાંથી રૂપલલનાને ૩૦૦ રૂપિયા આપતો હતો અને બાકીની રકમ તેની પાસે રાખતો હોવાનું એસઓજી પોલીસે જણાવ્યું હતું

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# ભિલોડામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ઉજવણી યોજાઈ

ભિલોડા,તા.૦૯

૮મી માર્ચ આંતરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી પતંજલિ યોગ સમિતિ,અરવલ્લી દ્વારા ભિલોડા તાલુકા આદર્શ પ્રાથમિક શાળા




નં.૧ માં ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે અરવલ્લી જીલ્લા પતંજલિ યોગ સમિતિના મહિલા પ્રભારી ઉર્વશીબેન બરંડા,ભિલોડા નાયબ તાલુકા વિકાસ અધિકારી લીનાબેન જોષીયારા, વંદનાબેન પંડ્યા,સુમિત્રાબેન નિનામા,

પૂર્વ સરપંચ - બીનાબેન ત્રિવેદી,વંદનાબેન શર્મા,

સુહાસિનીબેન,વંદનાબેન રાજપૂત તેમજ ભારત વિકાસ પરિષદ,ભિલોડા શાખાના પદાધિકારીઓ જોડાયા હતા. આ પ્રસંગે સ્વચ્છ ભારતના નિર્માણમાં જોડાયેલ મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

નાયબ તાલુકા વિકાસ અધિકારી, લીનાબેન જોષીયારાએ જણાવ્યું હતું કે નવા ભારત નું નિર્માણ મહિલાઓ કરી રહી છે.મહિલાઓ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે અભિનય ક્ષેત્રમાં પણ અભિનેત્રીઓ ફક્ત અભિનય જ નહિ પરંતુ સમાજ સેવામાં આગળ વધી રહી છે.સ્ત્રીની ઓળખ શું?એની ખૂબી અને ખાસિયત શું છે? તેણે પોતાનું લક્ષ્ય શું રાખવું જોઈએ? સૌથી મોટી વાત કરી કે તમારા જીવનની નાયિકા બનો,પીડિત અને શિકારી નહિ,મહિલા સમાજની વાસ્તવિક શિલ્પી હોય છે.હું કોઈ પણ સમાજની પ્રગતિએ સમાજની મહિલાઓની પ્રગતિથી નક્કી કરૂ છું.તમે એક પુરુષ ને શિક્ષિત કરો છો ત્યારે એક વ્યક્તિને શિક્ષિત કરો છો પણ જયારે એક સ્ત્રીને શિક્ષિત કરો છો ત્યારે એક આખી પેઢીને શિક્ષિત કરો છો તેમ જણાવ્યું હતું.